ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૮-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સંસદમાં વિપક્ષના નેતા મુદ્દે ન્યાયતંત્રનો ધ્રુજારો

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને લોકસભામાં વિપક્ષના નેતા અંગે વેળાસર સ્પષ્ટતા કરવાનું જણાવી લબડધક્કે લીધી છે. મોદી એમની રાક્ષસી બહુમતીના જોરે એકહથ્થુ શાસનપદ્ધતિ વિકસાવવા માગે છે, એવી પ્રતીતિ હવે સર્વોચ્ચ અદાલતને પણ થઇ ચૂકી છે. કોંગ્રેસ બીજા નંબરની પાર્ટી હોવા છતાં એની પાસે નિયમ મુજબ વિપક્ષના નેતાપદે બેસવા માટે જરૂરી એવી સભ્ય સંખ્યા નથી. બંધારણીય મુદ્દાની ઓથે લોકસભાનાં અધ્યક્ષા સુમિત્રા મહાજને કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધીને રોકડું પરખાવી દીધું છે કે કોંગ્રેસને નિયમાનુસાર વિરોધ પક્ષના નેતા પદની લહાણી થઇ શકે એમ નથી. એમણે આવો નિર્ણય વડાપ્રધાનના દબાણ હેઠળ કર્યો હોવાનો કોંગ્રેસ સહિત તમામ વિપક્ષોનો આક્ષેપ કેટલો વાજબી છે, એ મુદ્દે વિવાદ હોઇ શકે, પરંતુ વર્તમાન કેન્દ્ર સરકારની દાનત તો પરખાઇ જ ગઇ છે. કેન્દ્ર સરકારે સમજણપૂર્વક થોડી ઉદારતા દાખવીને યુપીએ સમસ્તના પ્રતિનિધિ તરીકે કોંગ્રેસી નેતાને વિપક્ષનું નેતાપદ આપવાનું સૌજન્ય દાખવ્યું હોત તો સર્વોચ્ચ અદાલતને એની સામે ટિપ્પણી કરવાનો મોકો ન મળત. સોનિયા ગાંધી સહિત કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ યુપીએના સાંસદસભ્યોની સાથે રાષ્ટ્રપતિને મળવા ગયું હતું અને જે યાદી સુપરત કરી હતી તે જરૂરી ૫૫ સભ્યો કરતાં વધુ હતી. પરંતુ રાષ્ટ્રપતિની ભલામણ પણ વર્તમાન સરકારે લક્ષમાં લીધી નહોતી. એમણે તો દસ ટકા વાળું ગાણું ગાઇને કોંગ્રેસના દાઝ્યા પર ડામ જ દીધે રાખ્યા હતા. આમ જુઓ તો ખુદ કોંગ્રેસે વિપક્ષનું નેતા પદ માગવાની ગરજ બતાવવાની જરૂર નહોતી. લોકશાહીના હિતમાં સામે ચાલીને વડાપ્રધાને જ એમના નેતાને એ પદની ઓફર કરી હોત તો બેઉની ગરિમા સચવાઇ હોત. ખાટલે મોટી ખોડ કે ભાજપ-કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષોને આવો વિવેક આવડ્યો નહીં, પરિણામે બેઉની છાપ જનતાની નજરમાં ઝાંખી પડી છે. હવે જયારે મામલો સર્વોચ્ચ અદાલતના આંગણે પહોંચ્યો છે ત્યારે મુખ્ય ન્યાયમૂર્તિ લોધાની બેંચે કેન્દ્ર સરકારના જ કાન આમળ્યા છે. લોકપાલ જેવું મહત્ત્વનું બિલ સરકારે અભેરાઇને ચડાવી દીધું છે. આ બિલની જોગવાઇ મુજબ લોકપાલની નિયુક્તિમાં વિપક્ષના નેતાની ઉપસ્થિતિ અનિવાર્ય મનાઇ છે. શાસક પક્ષના જ સભ્યો કહ્યાગરા કંથ જેવા લોકપાલ નીમી દઇ પોતાના ગુનાઓને છાવરે નહીં, એ માટે આ બિલ મુજબ લોકપાલની નિમણૂકમાં વિપક્ષના નેતાની બહાલી જરૂરી ગણાઇ છે. મોદી સરકારે ન્યાયતંત્રમાં પણ ચંચુપાત કરવાની ચેષ્ટા કરી અને પ્રસ્થાપિત કોલેજિયમ પદ્ધતિની ન્યાયમૂર્તિઓની નિમણૂકની પરંપરા રદ કરતું બિલ પસાર કરી દીધું એથી દેખીતી રીતે જ સર્વોચ્ચ અદાલતને માઠું લાગ્યું છે. મુખ્ય ન્યાયમૂર્તિ લોધાએ તો ત્યાં સુધી કહ્યું હતું કે જો કોલેજિયમ પ્રથા ખોટી ગણતા હો તો અમે બધાં પણ ખોટા છીએ. એમના આવા પ્રગટ વિરોધ છતાં કેન્દ્ર સરકાર હાથીની ગતમાં આગળ વધી, તેથી એમનું સ્વમાન ઘવાયું હોય તે સ્વાભાવિક છે. હવે જયારે લોકપાલનો મુદ્દો હાથવગો છે ત્યારે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને કચકચાવીને તમાચો મારી દઇ પોતાની નારાજગી વ્યક્ત કરી જ દીધી છે. લોકશાહીમાં વિપક્ષ એ તો એનો પ્રાણ છે. મોદીને તો વિપક્ષની હસ્તી જ મિટાવી દેવી હોય; પણ અદાલત એમ કરવા દેશે ખરી?

# જાણીતા સાહિત્યકાર યશવંત કડીકરને હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ અપાયો

## ગાંધીનગર સમાચારના લેખક એવા યશવંત કડીકરના બાળસાહિત્યના ૨૧૦ સહિત કુલ ૪૦ પુસ્તકો પ્રગટ થઈ ચૂકયા છે : ભારતની બધી ભાષાઓમાં સૌથી વધુ કોલમ લખનાર તરીકે પંજાબ અને કેરાલા રાજય તરફથી પણ એવોર્ડ મળી ચૂકયા છે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર અને લોકમીસ્ટ યશવંત કડીકરને તાજેતરમાં 'શ્રી હરસાનીજી સારસ્વત સન્માન એવોર્ડ-૨૦૧૪'થી સન્માનવામાં આવ્યા છે. ગાંધીનગર સમાચાર સહિત જુદા જુદા દૈનિક સામયિકોમાં મળીને ૩૦ કોલમો લખતાં યશવંત કડીકરને અગાઉ પણ ચાર વખત સારસ્વત સન્માન એવોર્ડ મળી ચુકયો છે. તેમને આ



સન્માન તેમની કૃતિ 'મહેનતનો મહિમા' માટે આપવામાં આવ્યું છે.

અત્યાર સુધીમાં યશવંત કડીકરના ૪૧૦ પુસ્તકો પ્રગટ થઈ ચુકયા છે એમાં ૨૧૦ પુસ્તકો તો માત્ર બાળ સાહિત્યના જ છે. ભારતની બધી ભાષાઓમાં સૌથી વધુ કોલમ લખનાર કટાર લેખક તરીકે તેમને પંજાબ અને કેરાલા રાજયો તરફથી સન્માનિત કરવામાં આવી ચુકયા છે. અત્યાર સુધીમાં આ લેખકને જુદા જુદા કુલ ૩૨ એવોર્ડ પારિતોષિક મળી ચુકયા છે. જેમાં ૮ તો સુવર્ણ ચંદ્રકનો સમાવેશ થાય છે. આ લેખકની ખાસિયત એ છે કે તેઓ બંને હાથે લખી શકે છે તેઓ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. ગાંધીનગર સમાચાર તેમના આ પ્રતિભાશાળી લેખકને મળેલા સન્માન બદલ ગૌરવની લાગણી અનુભવે છે અને તેમને અભિનંદન પાઠવે છે.

# એસ.જી. પ્રાથમિક શાળાના ખેલાડીઓની રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગરના સેક્ટર-૨૩માં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ત્રણ ખેલાડીઓની







તાજેતરમાં રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં પસંદગી થઈ છે. આ ખેલાડીઓએ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરતાં તેઓની પસંદગી કરવામાં આવી છે.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલની ફૂટબોલની ટીમ તાજેતરમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ ખૂબ જ સુંદર રીતે જીતી હતી. જેમાંથી શાળાનાં વિદ્યાર્થી ભૌમિક તિવારી, પૃથ્વીરાજ ચૌહાણ અને શશાંક પટેલે સુંદર પ્રદર્શન કર્યું હતું. જેથી રાજ્યકક્ષાની ટીમમાં આ ત્રણેય ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ ખેલાડીઓ રાજ્યકક્ષાએ પોતાનું પ્રદર્શન બતાવશે. શાળાના આચાર્યા અને વ્યાયામ શિક્ષકે તેઓને શુભેચ્છા પાઠવી છે.

# સરકારી વિનયન કોલેજમાં મહિલા સુરક્ષા વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૪

સરકારી વિનયન કોલેજમાં મહિલા સુરક્ષા પર વ્યાખ્યાન રાખવામાં આવેલ હતું.

મુખ્ય અતિથિપદે મહિલા પોલિસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી મીનાક્ષીબેન પટેલ, પો.સ.ઈ. સરોજાબેન ચૌધરી, સેલ્ફ ડિફેન્સ ટ્રેનર શ્રી પ્રજ્ઞેશભાઈ મેસરીયા હાજર રહ્યા હતા અને મહિલા સુરક્ષા કાયદાની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી મૌન સાધુએ કર્યુ હતું. પ્રાસંગિક ઉદબોધન કો.કન્વીનરશ્રી જોલીબેન દેસાઈએ કરેલ હતું. આભાર વિધિ શ્રી વનરાજસિંહ જાડેજાએ કરી હતી.

# સે. ૮ સમર્પણ કોલેજમાં સ્વિમીંગ અને વોટર પોલો સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી







દક્ષિણ વિભાગની સ્વિમીંગ અને વૉટર પોલો સ્પર્ધા સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સેક્ટર-૮ના યજમાન પદે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ૩૮ પોઈન્ટ સાથે સેક્ટર-૧૫ સરકારી વિનયન કોલેજે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

સેક્ટર-૮ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગની સ્વિમીંગ અને વોટર પોલો સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધાને સમર્પણ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. કિશોરસિંહ સોલંકી અને ઈન્ચાર્જ આચાર્ય ડૉ. દિપકભાઈ પંડ્યા દ્વારા દિપ પ્રગટાવી શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગના મેમ્બર પ્રો. એ.જી. પટેલ અને સમર્પણ કોલેજના પી.ટી.આઈ. પ્રો. મહેન્દ્ર મોડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. કિશોરસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, રમત રમતા તેમાંથી વિકસતા ગુણો, સંઘભાવના, સમભાવ, સદ્ભાવનાનો ઉપયોગ કુટુંબ સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગી થાય છે. તેમજ સમાજને પણ શારીરિક અને સજજ કુશળ યુવાન મળે છે.

સ્પર્ધામાં મોટી સંખ્યામાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં સ્વિમીંગમાં ૩૮ પોઈન્ટ સાથે સેક્ટર-૧૫ સમર્પણ આર્ટસ કોલેજ પ્રથમ, ૧૭ પોઈન્ટ સાથે સેક્ટર-૮ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બીજો અને ૧૫ પોઈન્ટ સાથે એસ.પી.ટી. કોલેજ ગોધરા ત્રીજા સ્થાને રહી હતી. તેમજ વોટર પોલો સ્પર્ધામાં પ્રથમ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધોળકા, બીજો સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સે. ૮ ગાંધીનગર અને ત્રીજા સ્થાને સરકારી વિનયન કોલેજ રહી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પી.ટી.આઈ. મહેન્દ્ર મોડિયા અને પો. સુરેન્દ્રસિંહ વાઘેલાએ કર્યુ હતું. તમામ કોલેજના વિદ્યાર્થીઓને સમર્પણ કોલેજના આચાર્યા ડૉ. ઋચાબેન બ્રહ્મભટ્ટ અને પ્રાધ્યાપક ગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...





મુખ્ય પ્રધાનની, સ્કૂલમાં સરપ્રાઇઝ વિઝીટ...!!

# જૂથ કક્ષાની બહેનોની સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલનું શ્રેષ્ઠ પ્રદર્શન

રાંધેજા-અડાલજ જૂથ કક્ષાની બહેનોની એથલેટિક્સ રમતોમાં લીંબોદરાની પી.પી.આર. શાહ હાઈસ્કૂલની બહેનો વસાવા શિલ્પાબેન અરવિંદભાઈ ૧૫૦૦ મીટર દોડ અને ૩૦૦૦ મીટર દોડમાં પ્રથમ, વાઘેલા મેઘલ અમરસિંહ ૧૦૦ મીટર વિઘ્નદોડમાં પ્રથમ, ચૌધરી જાગૃતિ ૨૦૦ મીટર દોડમાં બીજો, ચૌધરી પ્રિયંકા ૧૦૦ મીટર દોડમાં બીજો, વાઘેલા મેઘલ લાંબીકૂદમાં ત્રીજો અને વાઘેલા પ્રિયંકા ૨૦૦ મીટર દોડમાં બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. જૂથ કક્ષાની રમતોમાં શાળાનું ગૌરવ વધારવા બદલ વિજેતા બહેનોને શાળા પરિવાર વતીથી આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીનીઓને અભિનંદન આપીને બિરદાવી છે.

# નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા રમત-ગમતના સાધનોના વિતરણ અંગે જોગ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતે આવેલ નહેરૂ યુવા કેન્દ્રની કચેરી તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે હેતુથી વર્ષ ૨૦૧૪-૧૫ માટે સાધનોનું વિતરણ કરવામાં આવનાર છે. આ સાધનોના વિતરણનો ઉદ્દેશ યુવાનોમાં રમતગમત પ્રત્યે રૂચિ વધે, ખેલદિલીની ભાવનાનો વિકાસ થાય તેમજ શિસ્તપૂર્વક સ્પર્ધાનું આયોજન થાય સાથે સાથે આરોગ્ય જળવાય અને એકબીજામાં પરસ્પર સહકાર અને ટીમ સ્પીરીટ વધે તે માટેનો છે. આ રમતગમતના સાધનો મેળવવા નિયત અરજીપત્રકમાં વિગતો ભરી અને વાપસી વોલીન્ટીયર્સ દ્વારા મંડળની વિગતો ભરી સત્વરે સેક્ટર-૩૦ માં બ્લોક નં. ૧૦/૧, ચ-ટાઈપ ખાતે આવેલ નહેરૂ યુવા કેન્દ્રની કચેરીએ પરત મોકલવા વિનંતી કરવામાં આવી છે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનાનું નેતૃત્વ કરનાર ફોર્સના કમાન્ડર તરીકે કઈ મહિલાની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **ક્રિસ્ટીન લુંડ**

૨. ૨૦૧૪માં પનામાના રાષ્ટ્રપતિ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **જુઆન કાર્લોસ વરેલા**

૩. ૨૦૧૪માં શ્રીલંકન ક્રિકેટ ટીમના કોચ પદે કોની વરણી કરવામાં આવી છે ?

૪. વિશ્વ શાંતિ ૨૦૧૪ની જાહેર થયેલ યાદીમાં ભારતનો ક્રમ કયો છે?
➜ **૧૪૩**

૫. ૨૦૧૪માં ફુટબોલ વિશ્વકપમાં જર્મની પછી ૧૦૦ મેચ રમી નવો રેકોર્ડ બનાવનાર બીજી કઈ ટીમ છે?
➜ **બ્રાઝીલ**

૬. ૨૦૧૪ સંયુક્ત રાષ્ટ્ર લોકસેવા દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૩ જૂન**

૭. ૨૦ જૂન ૨૦૧૪ના રોજ સમગ્ર વિશ્વમાં કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી?
➜ **વિશ્વ શરણાર્થી દિવસ**

૮. ૨૦૧૪માં પશ્ચિમ આફ્રિકામાં કયા વાઈરસે હાહાકાર મચાવ્યો છે?
➜ **ઇબોલા વાઇરસ**

૯. ૨૦૧૪ સ્પેર એક્સ કંપની દ્વારા અંતરીક્ષ યાત્રીઓને મોકલવા માટે કયું કેપસૂલ વિકસાવ્યું છે?
➜ **ડ્રેગન વી-૨**

૧૦. ૨૦૧૪માં ફોર્મુલા વન માટે 'મોનાકો ગ્રાંડ પીક્ષ'નો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
➜ **નીકો રોસેબેર્સ**

૧૧. ૨૦૧૪માં માં ઇટાલી ખાતે આયોજીત આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધા જીતનાર ભારતીય કુસ્તીબાજ કોણ છે?
➜ **યોગેશ્વર દત્ત**

૧૨. ICC નવા અધ્યક્ષ પદે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે?
➜ **એન. શ્રીનિવાસન**

૧૩. દુનિયામાં સૌથી છેલ્લે કઈ ખનીજ શોધાઇ છે?
➜ **યુગ્ની યુનીસાઇટ**

૧૪. ૨૦૧૪માં નાશા સંસ્થાનું કયું અભિયાન નાસ થયું હતું?
➜ **લાડી**

૧૫. ૨૦૧૪માં કયા દેશે ૨૦૧૯ના એશિયન ગેમ્સની યજમાની કરવાની ના પાડી હતી?
➜ **વિયેતનામ**

૧૬. ૨૦૧૪ પુલિત્ઝર પ્રાઇઝ મેળવનાર વ્યક્તિ કોણ છે?
➜ **વિજય સોસાંદ્રી**

૧૭. ૨૦૧૪માં પૃથ્વી જેવો નવો શોધાયેલ ગ્રહ કયો છે?
➜ **કેપ્લર-૧૮૬ એફ**

૧૮. ૨૦૧૪માં પ્રકાશિત થયેલ પુસ્તક 'બ્લડ ફયુડ : ઓબામા અને ક્લિંટન' ના લેખક કોણ છે?
➜ **એડ્વર્ડ ક્લેન**

૧૯. ૨૦૧૪ 'આંતરરાષ્ટ્રીય રેડિયો પુરસ્કાર'થી કોને સન્માનિત કરવામાં આવ્યા હતા?
➜ **મનપ્રીતસિંહ**

૨૦. ૨૦૧૪માં અમેરિકાના વાઈટ હાઉસ દ્વારા ચેમ્પિયન્સ ઓફ ચેંજ પુરસ્કાર કોને એનાયત થયો હતો?
➜ **પ્રતિષ્ઠા ખન્ના**

# છૂટાછેડા સંદર્ભે તેમ છુટાછેડાની કાયદાકીય જોગવાઇ અંગે વ્યાપક સ્તરે જાગૃતિ જોવા મળતી નથી

છેલ્લા ધણા અંકોથી આપણે સ્ત્રીઓને સ્પર્શતા ભરણ-પોષણના કાયદા સંદર્ભ ચર્ચા કરી રહયા છીએ. આપણે ખાસ કરીને ક્રિમિનર પ્રોસીઝર કોડની કલમ-૧૨૫, ક્રિમિનર પ્રોસીઝર કોડની કલમ-૧૨૭, હિંદુ મેરેજ એકટની કલમ -૨૪, હિંદુ મેરેજ એકટની કલમ-૨૫, હિંદુ દતક વિધાન અને ભરણ-પોષણના કાયદાની કલમ-૧૮ તથા હિંદુ દતક વિધાન અને ભરણ પોષણ કાયદાની કલમ-૧૯ તેમજ આ જ કાયદાની અંતર્ગતની કલમ-૨૦ની પણ ચર્ચા કરી.

આગળના અંકોની થોડીક વાત રેફરન્સ માટે જોઈએ તો ક્રિમિનર પ્રોસીઝર કોડની કલમ-૧૨૫, એ ત્યકતા સ્ત્રીને તેના પતિ પાસેથી ભરણ-પોષણ મેળવવાનો અધિકાર છે. તેમજ વૃધ્ધ માતા-પિતાને સંતાન પાસેથી ભરણ-પોષણ મેળવવાનો અધિકાર છે. તેમજ સગીર વયના સંતાનોને પણ ભરણ-પોષણ મેળવવાનો અધિકાર છે. સી.આર.પી.સી.ની કલમ-૧૨૭ એ ભરણ-પોષણની રકમમાં ફેરફાર અંગેની જોગવાઈ સંદર્ભે છે. બાકીની બધી કલમોના કેસોની ચર્ચા આપણે આ જ કોલમમાં લેવાના છીએ. પરંતુ હાલમાં એક વાચક ભાઈનો પત્ર આવ્યો છે. તે બાબતે જોઈએ.

આધેડ ઉમરના આ ભાઈના લગ્ન આશરે ૩૦ વર્ષ પહેલા શિક્ષિત સ્ત્રી સાથે થયેલા બન્ને પતિ-પત્નીનું લગ્ન જીવન ૨૫ વર્ષ સુધી ખુબ સારી રીતે ચાલેલ અને અચાનક લગ્ન વિષયક જીવનમાં વળાંક આવ્યો. અને સુખરૂપ રીતે ચાલતા લગ્ન-જીવનનો અંત આવવાનો અચાનક તેમના ધર્મપત્નીએ નકકી કર્યુ. તેઓના કહેવાતા છુટા-છેડા એ 'નોટરી' રૂબરૂ થયા છે. પતી-દેવ કાયમી પ્રાઈવેટ જોબ કરેલ છે. અને તેઓની આખી જીંદગી સરકારી નોકરી મળી નથી તેનો પણ ખુબ ખેદ હોય તેવું લાગે છે. ધર્મ પત્ની ની સરકારી નોકરી સ્વૈચ્છીક નિવૃતી પછી બંન્ને એક શહેરમાં સાથે આનંદથી રહેતા હતા. ભાઈના કહેયા મુજબ સગા અને કુટુંબીઓની ચડામણીથી પતિ-પત્ની વચ્ચે ખટરાગ ઉભો થયો અને સગા-સંબધીઓ મારફત આપમેળે 'છુટા-છેડા' થયા.

ભાઈના કથની ધણી લાંબી છે. તેઓને ખાનગી નોકરીમાંથી જે બચત થઈ હતી. તે પણ ગુમાવવાનો સમય આવ્યો છે. ભાઈના પીતા પણ નિવૃત છે અને ભાઈ પાસે કોઈ પોતાની મોટી આવક નથી. આ પ્રકારના બીજા પણ બનાવો અને તે સંદર્ભેની માહિતી એ ટેલીફોન ધ્વારા તેમજ મૌખીક અને લેખી રીતે તો કયાંક પત્ર સ્વરૂપે અમોને મોકલીને પૂશ્નના નીરાકરણ સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડવા સંદર્ભે જણાવેલ છે.

સૌ પ્રથમતો એ વાતની સ્પષ્ટતા કરીએ કે ઘરમેળે થયેલ છુટા-છેડા એ કેટલે અંશે કાયદેસર ગણી શકાય? ધણી બધી વ્યકિતઓએ લગ્ન રજીસ્ટ્રેશન, કાયદેસરનું લગ્ન એ બાબતે પણ જાણવા જિજ્ઞાશા બતાવી

## મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

છે. અગાઉના અંકોમાં આપણે સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરેલ છે કે, લગ્નની નોંધણીનું ફોર્મ ભરીને સંબંધિત કચેરીમાં લગ્ન રજીસ્ટર્ડ કરવા માટે રજુ કરવું તે માત્રથી કાયદેસરનું લગ્ન અસ્તીત્વમાં આવતું નથી. ધણા બધા કેસોમાં જોયુ છે કે, લગ્ન રજીસ્ટ્રેશનના ફોર્મમાં લગ્નનું સ્થળ એવી વિગત ભરવાની હોય છે. જેમાં, સ્થળની વિગત કોઈ મંદિર દર્શાવવામાં આવે છે. ખરેખર આવા મંદિરમાં દર્શાવ્યા પ્રમાણે લગ્ન કરેલ હોતા નથી મંદિરમાં જઈને તપાસ કરીએ તો મંદિરના પૂજારી લગ્ન વિશે કોઈ બાબત જાણતા હોતા નથી કહેવાનો ભાવાર્થ એ છે કે ધણા બધા લગ્નોમાં કોઈ લગ્ન વિધિ થઈ હોતી નથી. લગ્નની નોંધણીનું ફોર્મ ભરવમાં આવે છે અને લગ્ન થયા અંગેનું પ્રમાણપત્ર મળી ગયેલું હોય છે. આવી બધી ધટનાઓ પ્રકાશમાં આવતા લગ્નની નોંધણી બાબતે પણ કડક નિયમો અમલમાં આવેલ છે. સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં જયારે લગ્ન નોધણીની અરજી અને ફોર્મ રજુ કરવામાં આવે છે. એની સાથે લગ્ન કર્યા અંગેનો આધાર, કંકોત્રી, ફોટોગ્રાફ તેમજ રહેણાંકનો આધાર તથા ઓળખના આધારે રજુ કરવાનો રહેણાંકનો આધાર તથા ઓળખના આધાર રજુ કરવાનો ફરજીયાત બનાવેલ છે લગ્ન થયેલ પતી-પત્નીના બધા આધારો રજુ કરવાના હોય છે તથા સાથે-સાથે બન્ને પક્ષના સાક્ષીઓ અને લગ્ન વિધિ કરાવનાર પૂજારીના પણ રહેણાંકના આધાર, ઓળખના આધાર વગેરે રજુ કરવાનું ફરજીયાત છે. આ પ્રમાણે કડક નિયમો કરવાનું હેતુ એ માત્ર કાગળ પર થતા લગ્નો અને ખોટા લગ્નોની નોંધણી અટકાવવાનો છે.

લગ્નની નોંધણી બાબતની સ્પષ્ટતાઓ અને તે સંદર્ભે કાયદાકીય જોગવાઈ અંગેની જાગૃતિ વ્યાપક સ્તરે જોવા મળે છે. પરંતુ એવું લાગે છે કે છુટા-છેડા સંદર્ભે તેમજ છુટા-છેડાની કાયદાકીય જોગવાઈ અંગે વ્યાપક સ્તરે જાગૃતિ જોવા મળતી નથી.

ધણા બધા કેસોમાં ઘરમેળે છુટાછેડા થતા જોવા મળે છે, તો વળી કયારેક કોઈ જ્ઞાતિના બંધારણ મુજબ પણ છુટા છેડા થતા જોવા મળે છે જ્ઞાતિની રૂએ છુટાછેડાએ ખુબજ ચર્ચા માંગી લે તેવો વિષય છે કેટલીક જ્ઞાતિઓમાં જ્ઞાતિનું બંધારણ અસ્તીત્વમા નથી અને જ્ઞાતિની રૂએ છુટાછેડામાં કોઈ જ્ઞાતિના આગેવાનો જે તે જ્ઞાતિના આગેવાન તરીકે સાક્ષી તરીકે સહીઓ પણ કરતા નથી અનેક અદાલતો પાસે અનેકવાર ઘરમેળે થયેલા છુટાછેડાને પડકાર ફેકવામાં આવેલ છે.

નોટરી સમક્ષના છુટાછેડા એ બાબત પણ ગંભીર ચર્ચા માંગી લે છે હમણા જ એક એવો કિસ્સો જોવા મળ્યો કે - એક દિકરો અન એક દિકરી કે જેઓ બંન્ને એ વિધિ-વિધાનને આધીન લગ્ન કર્યા. લગ્નના બે માસમાં બંન્ને વચ્ચે ભયંકર મતભેદો સર્જાયા બંન્ને છુટાછેડા લેવા તૈયાર થયા. કાયદાકીય રીતે લગ્નના એક વર્ષ પૂર્ણ થયા પહેલા એ લગ્ન રદબાતલ થઈ શકતું નથી.